# આર્થિક સુધારાઓને કોંગ્રેસ કારોબારીની મંજુરી

નવી દિલ્હી, તા. ૨૫

રિટેલમાં એફડીઆઈ સહિત વડાપ્રધાન મનમોહનસિંહના સુધારા પગલાંઓને લીલીઝંડી આપીને કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ કહ્યું હતું કે દેશની આર્થિક સ્થિતિને સુધારવા તાકિદે પગલાં લેવાની જરૂર હતી. વડાપ્રધાને હાલમાં લીધેલા પગલાં બિલકુલ યોગ્ય છે. નવી દિલ્હીમાં યોજાયેલી કોંગ્રેસ કારોબારી સમીતિની બેઠકમાં સોનિયા ગાંધીએ કહ્યું હતું કે હાલમાં જ હાથ ધરવામાં આવેલા સુધારા પગલાંઓને પરત ખેંચવાનો કોઈ પ્રશ્ન નથી. કોંગ્રેસના પ્રવક્તા જર્નાદન દ્વીવેદીએ કોંગ્રેસ કારોબારી સમીતિની બેઠક બાદ પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે ૩૦ સભ્યોની કારોબારીએ વડાપ્રધાન મનમોહનસિંહના નેતૃત્વમાં યુપીએ સરકાર દ્વારા લેવામાં આવેલા સુધારા પગલાંને ટેકો આપીને એક ઠરાવ પસાર કરી દીધો છે. સોનિયા ગાંધીએ ઉદ્‌ઘાટન સંબોધન કર્યું હતું જેમાં તેઓએ કઠોર પગલાંની જરૂરિયાત હોવાની વાત કરી હતી. તેમણે એમ પણ કહ્યું હતું કે સોનિયા ગાંધીએ વિરોધ પક્ષો ઉપર આકરા પ્રહારો કર્યા હતા. દેશના કેટલાક ભાગોમાં હાલમાં અંધાધૂધી અંગે ચિંતા વ્યક્ત કરી હતી. કારોબારીએ મોડેથી વડાપ્રધાનની નેતાગિરીમાં વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. મિટીંગમાં તૃણમૂલ કોંગ્રેસે ટેકો પાછો ખેંચી લીધા બાદ ઊભી થયેલી પરિસ્થિતિની સમીક્ષા કરી હતી.

કોંગ્રેસ ફ્લેગશીપ સ્કીમ ઉપર મુખ્ય ધ્યાન કેન્દ્રીત કરી રહી છે. તેલંગાના મુદ્દા ઉપર આજની બેઠકમાં કોઈ વાતચીત થઈ ન હતી. લિક્વીડીટીની કટોકટીને પહોંચી વળવા સરકાર કઠોર પગલાં લઈ રહી છે. સુધારાઓ સાથે આગળ વધવા સરકાર બિલકુલ કટિબદ્ધ છે. સરકાર આર્થિક રીતે નબળાં વર્ગ તરફ વિશેષ રીતે હાલમાં ધ્યાન આપી રહી છે. વિરોક્ષ પક્ષ ઉપર આકરા પ્રહાર કરતા



સોનિયા ગાંધીએ કહ્યું હતું કે ભાજપ જવાબદાર વિપક્ષની ભૂમિકા અદા કરી રહ્યો નથી. થોડાક સપ્તાહ પહેલાં સોનિયા ગાંધીએ કહ્યું હતું કે ભાજપની યુક્તિ સંસદની કામગીરીને રોકવાની અને બ્લેકમેલિંગ કરવાની હતી. કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીના નેતૃત્વમાં કોંગ્રેસ કારોબારી સમીતિની બેઠક યોજાઈ હતી જેમાં ૩૦ સભ્યો હાજરી આપી હતી. વડાપ્રધાન અને નાણાંમંત્રી પી. ચિદમ્બરમ્ નાણાંકીય ખાદ્યને કાબૂમાં લેવા હાથ ધરવામાં આવેલા આર્થિક સુધારાઓની જરૂરિયાત અંગે માહિતી આપી હતી. મૂડીરોકાણકારોને વિશ્વાસમાં લેવા તથા વૈશ્વિક આર્થિક કટોકટીમાંથી દેશને બચાવવા માટે પગલાં લેવાયા હોવાની માહિતી આપી હતી. વડાપ્રધાને કહ્યું હતું કે ફ્લેગશીપ કાર્યક્રમો એ વખત સુધી અસરકારક રીતે આગળ વધારી શકાય નહીં જ્યાં સુધી અર્થતંત્ર મજબૂત રહેશે નહીં. ગ્રામીણ ગરીબોને તમામ લાભ મળે તે જરૂરી છે. કોંગ્રેસ શાસિત રાજ્યના મુખ્યમંત્રી પણ આમા ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત જનરલ સેક્રેટરી, ખાસ આમંત્રિતો આમા ઉપસ્થિત રહ્યા હતા. કારોબારીની મિટીંગ દરમિયાન કોંગ્રેસના યુવરાજ રાહુલ ગાંધીની ભૂમિકા અંગે ચર્ચા થઈ છે કે કેમ તે અંગે માહિતી મળી શકી નથી. સરકારની અસ્થિરતા અંગે ચાલી રહેલી અટકળોનો હવે અંત આવી ગયો છે. કોંગ્રેસ પાર્ટીએ દાવો કર્યો છે કે તે સમાજવાદી પાર્ટીના ૨૨, બહુજન સમાજ પાર્ટીના ૨૧, રાષ્ટ્રીય જનતાદળના ચાર સભ્યોનો ટેકો ધરાવે છે. કારોબારીમાં સબસીડીવાળા એલપીજી પર મર્યાદા, ડીઝલની કિંમતમાં ભાવવધારા અને રિટેલમાં એફડીઆઈને લઈને થઈ રહેલા વિરોધના મુદ્દે પણ ચર્ચા કરવામાં આવી. લોકસભામાં લઘુમતીમાં કામ કરવાના મુદ્દે પણ ચર્ચા કરવામાં આવી. પક્ષ સંગઠનમાં ફેરફારના મુદ્દે પણ ચર્ચા કરવામાં આવી. કોલસા બ્લોક ફાળવણી મામલે ભારે હોબાળો થયા બાદ આજે યોજાયેલી મિટીંગ ખૂબ જ મહત્વપૂર્ણ રહી હતી. કેગે કોલસા બ્લોક અંગે કહ્યું હતું કે સરકારની ઉદાસીનતાથી તિજોરી પર ૧.૮૬ લાખ કરોડનો ફટકો પડ્યો હતો.

## ઇમ્ફાલમાં આર્મી ઓફિસમાં પ્રચંડ ધડાકો : ઉંડી ચકાસણી

ઈમ્ફાલ, તા. ૨૫

મણીપુરના પાટનગર ઈમ્ફાલમાં આજે એમ સેક્ટર (આર્મી ઓફિસ)ના ઓફિસ સંકુલમાં શક્તિશાળી બ્લાસ્ટ થયો હતો. સવારે ૫.૩૦ વાગે આ પ્રચંડ બ્લાસ્ટ થયો હતો. જો કે આના લીધે કોઈ ખુવારી થઈ ન હતી. આ બ્લાસ્ટ કઈ રીતે થયો તે સંબંધમાં હજુ કોઈ માહિતી મળી શકી નથી. સૂત્રોએ કહ્યું છે કે સઘન સુરક્ષા વ્યવસ્થા ધરાવતા સંકુલમાં બ્લાસ્ટ કઈ રીતે થયો તે સંબંધમાં તપાસ હાથ ધરવામાં આવી છે. મણીપુર રાજભવન પણ આની બિલકુલ નજીક છે.

સાથે સાથે પ્રતિષ્ઠિત જ્હોન સ્ટોન હાયર સેકેન્ડરી સ્કૂલ પણ બિલકુલ નજીક આવેલી છે. બોમ્બ એટલો શક્તિશાળી હતો કે ત્રણ કિલોમીટરના અંતર સુધી તેનો અવાજ સંભળાયો હતો. બ્લાસ્ટ થયા બાદ સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરી દેવામાં આવી હતી. નજીકથી પસાર થતાં લોકો પણ દહેશતમાં આવી ગયા હતા. બનાવ બન્યા બાદ સૈનાના જવાનોએ સમગ્ર વિસ્તારમાં નાકાબંધી કરી લીધી હતી. બ્લાસ્ટની જગ્યાએ પ્રવેશવાની મંજૂરી પત્રકારોની ટીમને પણ આપવામાં આવી ન હતી. એમ સેક્ટર કોમ્પલેક્સમાં કોઈને પણ જવાની મંજૂરી આપવામાં આવતી નથી. બ્લાસ્ટ અંગે અધિકારીઓએ હજુ માહિતી આપી નથી. બ્લાસ્ટ આકસ્મિક રીતે થયો છે કે પછી યોજનાપૂર્વક થયો છે તે અંગે જાણકારી મળી નથી. મણીપુર ફાયર સર્વિસના અધિકારીઓ તરત જ ઘટના સ્થળે પહોંચી ગયા હતા. રાજભવન તેની બિલકુલ નજીક સ્થિત છે.

## ૭૨૦૦૦ કરોડનાં કાંડમાં અજીત પવારનું રાજીનામુ

મુંબઈ, તા. ૨૫

૭૨૦૦૦ કરોડનાં સિંચાઈ કૌભાંડનાં આક્ષેપો વચ્ચે મહારાષ્ટ્રનાં નાયબ મુખ્યમંત્રી અજીત પવારે આજે રાજીનામું આપી દેતાં મહારાષ્ટ્રનાં રાજકારણમાં જોરદાર રાજકીય ગરમી જામી છે. આવનાર દિવસોમાં અજીત પવારને વધુ મોટી મુશ્કેલીઓનો સામનો કરવો પડે તેવી શક્યતા છે. અજીત પવારે રાજીનામુ આપી દીધાં બાદ મહારાષ્ટ્ર કેબિનેટમાં પણ ઉથલ-પાથલનાં સંકેત દેખાઈ રહ્યાં છે. સિંચાઈ વિભાગમાં કૌભાંડને લઈને અજીત પવાર હાલ ભારે દબાણ હેઠળ હતાં. એક ચોંકાવનારા ઘટસ્ફોટમાં રાજ્ય સરકારમાં હાલમાં જણાવવામાં આવ્યું હતું કે, ૩૫૦૦૦ કરોડની રકમની ઉચાપત કરવામાં આવી હતી. મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજીત પવારે આજે તેમના પદ પરથી રાજીનામું આપી દીધું હતું. સિંચાઈ મંત્રી તરીકે વિવિધ



યોજનાઓને મંજૂરી આપવામાં ગેરરીતિના આરોપો થયા પછી તેમણે નાયબ મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપી દીધું હતું. અજીત પવારનું નામ સિંચાઈ કૌભાંડમાં બહાર આવ્યું હતું. ૨૦૦૦૦ કરોડ રૂપિયાની સિંચાઈ યોજનાઓને મંજૂરી આપવાના મુદ્દે વિવિધ આક્ષેપો થયા હતા. આ કૌભાંડમાં તેમનું નામ બહાર આવ્યા બાદ તેમના રાજીનામાની માંગ ચોમેરથી થતી હતી. બીજી બાજુ કેન્દ્રીય કૃષિ મંત્રી શરદ પવારે કહ્યું હતું કે, મુખ્યમંત્રી પૃથ્વીરાજ ચૌહાણને રાજીનામું મોકલી દેવાયું હતું. પરંતુ એનસીપીના વિધાયક દળના નેતા પદે તેઓ ચાલુ રહેશે. ૨૦૦૯માં ત્રણ માસમાં ૩૨ સિંચાઈની યોજનાઓને મંજૂરી આપવામાં આવી હતી. જેમાં આવશ્યક કોઈ પ્રક્રિયાનો અમલ કરવામાં આવ્યો ન હતો. નોંધનીય છે કે કેગ એ મહારાષ્ટ્રમાં સિંચાઈ કૌભાંડની તપાસ શરૂ કરી છે. કાલે કૌભાંડ મામલે સંબંધિત વિભાગના અધિકારીઓની પૂછપરછ થઈ હતી. દરમ્યાન અજીત પવારે કહ્યું હતું કે, મેં કોઈ ખોટું કામ કર્યું નથી. શ્વેતપત્ર બહાર પાડવા પણ તૈયાર છું. મેં રાજીનામા અંગે શરદ પવારને જાણકારી આપી દીધી હતી. તટસ્થ તપાસ થાય તે માટે રાજીનામું આપ્યું છે. રાજીનામું આપવા માટે કોઈ દબાણ ન હતું. મેં જાતે પોતાની વિવેક બુદ્ધિ અને નૈતિકતાના ધોરણે રાજીનામું આપ્યું છે. નોંધનીય છે કે નેશનાલીસ્ટ કોંગ્રેસ પાર્ટી (એનસીપી)ના વડા અજીત પવાર અને કેન્દ્રીય કૃષિ મંત્રી શરદ પવારના ભત્રીજા છે. તે ૨૦૦૮માં મુંબઈ પર થયેલા ભીષણ આતંકી હુમલા બાદ નાયબ મુખ્યમંત્રી પદેથી આર. આર. પરીખે રાજીનામું આપતા અજીત પવારને આ પદ સોંપવામાં આવ્યું છે.

## મથુરા-દેવઘર બાદ કાનપુરમાં મંદિરમાં ભાગદોડ : ૧નું મોત

કાનપુર, તા. ૨૫

દેશના જુદા જુદા ભાગોમાં છેલ્લા ત્રણ દિવસમાં ધાર્મિક સ્થળો પર ભાગદોડની ત્રણ ઘટનાઓ બની ચૂકી છે. મથુરા દેવઘરના બનાવ બાદ હવે કાનપુરમાં ભાગદોડ મચી જતાં એકનું મોત થયું છે. મળેલી માહિતી મુજબ કાનપુરના પનકી વિસ્તારમાં પ્રાચીન હનુમાન મંદિરમાં ભાગદોડ મચી જતાં એક શ્રદ્ધાળુનું મોત થયું છે. જ્યારે અન્ય ૧૨ શ્રદ્ધાળુઓ ઘાયલ થયા છે. ઘાયલ થયેલા શ્રદ્ધાળુઓને લાજપતરાય અને હેલટ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. મળેલી માહિતી મુજબ આજે સવારે બુડવા, મંગલના પ્રસંગે પનકી મંદિરમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ એકત્રિત થયા હતા. જેના પરિણામ સ્વરૂપે અંધાધૂધી ફેલાઈ જતાં ભાગદોડ મચી ગઈ હતી. શ્રદ્ધાળુઓએ આક્ષેપ કર્યો છે કે પૂરતી વ્યવસ્થા નહીં હોવાના કારણે આ બનાવ બન્યો છે. શ્રદ્ધાળુઓની વધુ સંખ્યાના કારણે સ્થિતિને કાબૂમાં લેવા માટે પોલીસને લાઠી ચાર્જ કરવો પડ્યો હતો. છેલ્લા થોડાક દિવસમાં મથુરા દેવઘર બાદ કાનપુરમાં આ ત્રીજી ઘટના છે. ધાર્મિક સ્થળ પર ભાગદોડના બનાવો સતત વધી રહ્યા છે. કાનપુરમાં મચી ગયેલી ભાગદોડને લઈને પોલીસ વ્યવસ્થા સામે પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે. બીજી બાજુ પોલીસ વહીવટી તંત્રનું કહેવું છે કે સ્થળ પર પૂરતી સંખ્યામાં સુરક્ષા જવાનો નહીં હોવાના કારણે આ સ્થિતિ સર્જાઈ હતી. અત્રે નોંધનીય છે કે સોમવારના દિવસે ઝારખંડમાં દેગઘરમાં એક આશ્રમમાં ભાગદોડ મચી જતાં નવ લોકોના મોત થઈ ગયા હતા. આ બનાવમાં બે ડઝનથી વધુ શ્રદ્ધાળુ ઘાયલ થયા હતા. મૃત્યુ પામનારાઓમાં આઠ મહિલાઓ પણ હતી. સરકારે મૃતકોના પરિવારજનોને અને ઘાયલ થયેલાઓને વળતર આપવાની જાહેરાત કરી છે. બે દિવસ પહેલાં જ ૨૩મી સપ્ટેમ્બરના દિવસે રાધા અષ્ટમીના દિવસે મથુરાના રાધારાની મંદિરમાં ભાગદોડ મચી ગઈ હતી. વીઆઈપી દર્શન વેળા વહીવટી તંત્ર સામાન્ય ભક્તોને ભૂલી ગયું હતું. જેથી સંકુચિત રસ્તામાં ભાગદોડનો બનાવ બન્યો હતો.

## ભટીન્ડા-જોધપુર ટ્રેનમાં આગ લાગતાં ભાગદોડ

બિકાનેર, તા. ૨૫

ભટીન્ડા-જોધપુર ટ્રેનના એન્જીનમાં આજે સવારે આગ ફાટી નીકળી હતી. જો કે આના કારણે જાનમાલને કોઈ નુકસાન થયું નહોતું.

પોલીસે માહિતી આપતા કહ્યું છે કે બિકાનેરમાં ઉદય રામસર વિસ્તાર નજીક ટ્રેનના એન્જીનમાં આગ ફાટી નીકળી હતી. જો કે આ આગ ઉપર સ્થાનિક લોકો અને ઘટના સ્થળે ઉપસ્થિત અન્ય લોકોએ કાબૂ મેળવી લીધો હતો. બનાવ અંગે રેલવે સત્તાવારાઓને તરત જાણ કરવામાં આવી હતી જેથી રેલવે અધિકારીની ટૂકડી ઘટના સ્થળે જવા રવાના થઈ હતી. આ બનાવ બન્યા બાદ થોડાક સમય સુધી ભટીન્ડા-જોધપુર ટ્રેનને રોકી દેવામાં આવી હતી. ખામીઓમાં તપાસ કરવામાં આવી હતી. એન્જીનમાં થયેલી ખામીને શોધવા એન્જીનીયરો કામે લાગી ગયા હતા. ખુવારી ટળી જતાં રેલવે તંત્રને રાહત થઈ હતી.

## સિક્કિમ, આસામ, અરુણાચલ પ્રદેશમાં પૂર સ્થિતિ વધુ ગંભીર

ગુવાહાટી-ગંગટોક, તા. ૨૫

સિક્કિમ, આસામ અને અરુણાચલ પ્રદેશમાં પૂરની સ્થિતિ હજુ પણ ગંભીર બનેલી છે. પૂરના કારણે સામાન્ય લોકોની હાલત કફોડી બનેલી છે. બચાવ અને રાહત કામગીરી અસરગ્રસ્ત વિસ્તારોમાં યુદ્ધના ધોરણે ચાલી રહી છે. રોગચાળાનો ખતરો પણ ઊભો થઈ ગયો છે. સિક્કમમાં પૂર પ્રકોપના કારણે ઉત્તરીય જિલ્લામાં ઘણા ભાગો અન્ય વિસ્તારોથી સંપર્ક વિહોણા થઈ ગયા હતા. બચાવ ટીમને દૂર ગામી વિસ્તારો સુધી પહોંચવા ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. બીજી બાજુ પુરથી મોતનો આંકડો વધીને નવ ઉપર પહોંચી ગયો છે. અરુણાચલમાં ચાર લોકોના મોત થઈ ચૂક્યા છે. સૂત્રોએ કહ્યું છે કે ભેખરો ઘસી પડવાથી વાહન વ્યવહારને માઠી અસર થઈ છે જેથી દુરગામી વિસ્તારો સુધી પહોંચવામાં અડચણ આવી રહી છે. ભારત તિબેટ સરહદ પોલીસ (આઈટીબીટી) અને સરહદ માર્ગ સંગઠનના ૨૧ જવાનોના પણ મોત થઈ ચૂક્યા છે. શનિવારના દિવસે પૂરના કારણે આઠ લોકો લાપત્તા થયા હતા. બચાવ કામગીરીમાં આઈટીબીટી, સૈના, બીઆરઓ અને રાજ્ય સરકારના જવાનો સામેલ થઈ ગયા છે. ખરાબ હવામાનના કારણે હેલિકોપ્ટરને પણ ઊંડાણ ભરવામાં તકલીફ પડી રહી છે પરંતુ હેલિકોપ્ટરની મદદથી ચુંગથાંગમાં જરૂરી ચીજવસ્તુઓ મોકલવામાં આવી છે. ભેખરો ઘસી પડવાના કારણે ૩૬ જગ્યાઓ પર રસ્તા બંધ થઈ ગયા છે. પીવાના પાણી અને વીજળી વ્યવસ્થા ઠપ થઈ ગઈ છે. આસામમાં બ્રહ્મપુત્ર અને તેની સહાયક નદીઓમાં પાણીની સપાટી સતત વધી રહી છે જેથી પૂરની સ્થિતિ વધુ ગંભીર બની ગઈ છે. ૧૬ જિલ્લાઓમાં આશરે ૧૦ લાખ લોકો ઘર વગરના થઈ ગયા છે. તીનસુકિયા જિલ્લામાં સાદિયા નજીક માકુમ વિસ્તારમાં નૌકા ડૂબી જતા ત્રણ લોકોના મોત થયા છે જો કે ૪૨ લોકોને બચાવી લેવામાં આવ્યા છે. શિવસાગર અને નાલબેરી જિલ્લામાં એક એક વ્યક્તિનું મોત થયું છે. પૂરથી બકસા, બારપેટા, ધેમાજી, ડીબ્રુગઢ, ગોલાઘાટ, જોરહટ, કામરૂપ, લખીમપુર, મોરીગાંવ, નાગાંવ, નાલબેરી, શિવસાગર, સોનિતપુર, તિનસુકિયામાં માઠી અસર થઈ છે. હાલમાં જાપાનની યાત્રાએ રહેલા મુખ્યમંત્રી તરુણ ગોગોઈએ તમામ પ્રકારની સહાયતા ઉપલબ્ધ કરાવવા તંત્રને આદેશ આપ્યો છે. સોનિતપુર જિલ્લામાં છ હજાર લોકોને બચાવી લેવામાં આવ્યા છે. અહીં હેલિકોપ્ટર મારફતે ૨.૫ ટન ખાવાની ચીજવસ્તુના પેકેટ આપવામાં આવ્યા છે. અરુણાચલમાં પણ આવી જ સ્થિતિ બનેલી છે. અહીં વધુ ત્રણ લોકોના મૃતદેહ મળી આવ્યા છે જેથી મોતનો આંકડો વધીને ચાર થઈ ગયો છે. પુરથી સૌથી વધુ અસર લોહિત જિલ્લામાં થઈ છે. મુખ્યમંત્રી નબામ ટૂંકીએ મૃતકોના પરિવારને દોઢ-દોઢ લાખ રૂપિયા આપવાની જાહેરાત કરી છે.

### Hello ફ્રેન્ડસ ! (પાના નં. ૪ નું ચાલુ)

સંયમ એ વાત જ એવી છે, જેને જીવની જેમ સાચવવો પડે છે, કંટ્રોલ કરવો પડે છે, પણ કયારેક તો સૌ કોઈની કમાન છટકતી જ હોય છે. આપણાં જ માણસો - પરિવાર જનો કે વિદ્યાર્થીઓ વચ્ચે વાતચીત કરી એમની વાતો સાંભળી, થોડું જતું કરીનેય બગડેલી બાઝીને ફરી સાચવી લેવી પડતી હોય છે... ગુસ્સા પર કાબુ મેળવવા સમય - સંયમ આપવો પડે બાકી પહેલેથી જ અનેકવિધ પરિસ્થિતિથી ઘેરાયેલાં - થાકેલા ઘોડા જેવાં મનને ચાબૂક મારી હંકારીએ, દોડાવતાં રહી પછી એજ ઘોડો એકદિવસ બેલગામ થઈ, સંયમની શરમ છોડી કોકનાં પર ગુસ્સાના શબ્દોમાં વરસવાનો છે!!

આપણે મગજને રિફ્રેશ કરવું જ પડે છે, આપણાં ખાસ મિત્રને મળે કેટલો સમય થયો? આપણે આપણાં બાળકો તરફથી માત્ર અપેક્ષા જ કરીએ છીએ મા-બાપનાં મીઠા શબ્દો ગમતાં હોય છે... મને મળેલાં એક બે નાના બાળકોની વાત જરાં ઈન્ટરેસ્ટીંગ છે. એક બાળકે કહ્યું કે હું મારૂં રિઝલ્ટ આવે એટલે મમ્મીને આપું છું, જો એ હસી તો સારૂં હશે અને કપાળ પર ચિંતાની રેખા ઉપસી એટલે ખરાબ હશે માનીને ભાગી જવું છું, છોકરો રિઝલ્ટ નહીં પણ મમ્મીનો ચહેરો વાંચે છે!!

બીજી એક દીકરીએ કહ્યું, મારા પપ્પાએ બહેનપણી બદલવાં કહ્યું છે એટલે કેમ? એણે પૂછ્યું તો પપ્પાએ કહ્યું, પહેલો અથવા બીજો નંબર આવે એવાં જ છોકરા છોકરીઓ સાથે દોસ્તી રાખવાની, બીજાં રખડેલ મિત્રો ના જોઈએ, પપ્પાનાં મનમાં સારી જ લાગણી હશે, આપણને ખોટી સંગત ના લાગે એટલે, અભ્યાસમાં મદદ થાય, ગૃપમાં સ્પર્ધા થાય એવું વાતાવરણ મળે... પણ આ બધાંમાં એને ખરેખર જીગરજાન દોસ્ત મળશે? કે પછી હૃદયના સંબંધના બદલે માર્કનો મેળ પડે એવાં જ લોકો સાથે રહી એ સાવ સ્વાર્થી તો નહીં બને ને??

નજર સમક્ષ લક્ષ રાખી, સંયમ રાખી, આડા-અવળા ડફોળીયાં માર્યા વગર, વિચલિત થયા વગર, નાકની દાંડીએ સીધા ચાલવાનાં ફાયદાં જરૂર છે. પણ એ માર્ગે આનંદ નથી મળતો, મિત્રો સગા સંબંધી નથી મળતાં, આપણાં સુખ-દુઃખમાં ભાગીદાર થનાર લોકો નથી મળતાં, વચ્ચે વચ્ચે નજીક - મસ્તી અને થોડી સુસ્તી પણ માફ છે. બાકી ઘાણીનાં બળદની જેમ આપણેય આપણાં નિયમિત ચક્રમાં ગોળ ગોળ ફર્યા જ કરીએ છીએ!! સંયમ જરૂરી છે, પણ પ્રમાણમાં જ, અમુક વસ્તુ તો જરાય હજમ થતી નથી. માપમાં હસવાનું, માફક જ બોલવાનું, પરવાનગી સિવાય કોઈ વસ્તુને હાથ નહીં લગાડવાનું, ટ્રેન-બસ-લિફ્ટમાં અનજાન લોકોને સ્મિત નહીં આપવાનું, શાંત જ બેસવાનું, કારણ વગરની ફાલતું ચર્ચા ગપ્પા નહીં મારવાનાં!! એકાદું નાનું બાળક કેટલુંય કયુટ હોય એના ગાલને નહીં અડવાનું... બાપ રે કેટલો સંયમ લોકો પાળી શકતાં હોય છે!!

આ સંયમનું પોટલું જ આપણાં મગજમાં કયાંક કચરારૂપે ભરાય છે અને સંયમની પાળ તૂટતાં ગુસ્સાનાં ધોધરૂપે વહે છે. પહેલી વાર પર પાછો આવું તો પેલાં સવિતાબેન શિસ્ત-સંયમની જાળવણી સાથે વિદ્યાર્થીને કંઈક નવું - જાણવા જેવું કંઈક રમુજી, ઘર-પરિવારની વાતોથી પોતાનાં કરે તો કદાચ બાળકો શિસ્તમાં આવી જશે... એમનાથી ગભરાવાની જગ્યાએ પ્રેમથી વર્તશે - ભણશે અને કદાચ સારાં માર્કસ લાવશે અને ભવિષ્યમાં સારી જગ્યાએ ગોઠવાયા બાદ બહેન રસ્તામાં મળશે તો ચરણસ્પર્શ પણ કરશે... કહે છે ને કે નજર બદલો નજરીયા બદલ જાયેગાં... વિદ્યાર્થીઓ પણ સમજે કે શિસ્ત અને સંયમના પાઠ સ્કૂલ સુધી જ છે, બાકી કૉલેજમાં કયાં શિક્ષક એમનો કૉલર પકડી બેંચ પર ભણાવશે... આપણા શિક્ષકને રાજી રાખવા આપણું જ કામ છે, ભણીશું તો સમાજમાં સ્થાન પામીશું નહીં તો બેરોજગારીની સ્કીમની રાહ જોવાની!!

**ચૂંટલો :**

ગુસ્સો એ મન પર મણના ભાર જેવો હોય છે. એની આગથી સામેના તો દઝાય જ છે પણ એની ઝાંય ખુદનેય લાગે છે. આપણાં ગુસ્સાથી દુઃભાયેલા કયારેક એવો શ્રાપના આપી દે કે આખી જિંદગી કેસરનો લેપ કરીને તોય ટાઢકના મળે.

## પુણેમાં ઈમારત દુર્ઘટનામાં મૃત્યુઆંક વધીને ૧૦ થયો

પુણે, તા. ૨૫

પુણેમાં ઈમારત દુર્ઘટનામાં મોતનો આંકડો વધીને ૧૦ ઉપર પહોંચી ગયો છે જ્યારે ઘાયલોની સંખ્યા ૧૧ જણાવવામાં આવી છે. ઘાયલો પૈકી કેટલાકની હાલત હજુપણ ગંભીર જણાવવામાં આવી છે જેથી મોતનો આંકડો વધવાની દહેશત દેખાઈ રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સોમવાર બપોરે પુણેમાં સેદુતનગર કોલોનીમાં નિર્માણાધીન ઈમારત ધરાશાયી થઈ હતી. ત્રણ માળની ઈમારત ધરાશાયી થયા બાદ ભારે અફડાતફડી મચી હતી. રાહત કામગીરી તરત જ હાથ ધરવામાં આવી હતી. ગેરકાયદેસર રીતે આ ઈમારત બનાવાઈ રહી હતી. મૃત્યુ પામેલાં મોટાભાગનાં લોકો નિર્માણ મજૂરો હોવાનું જાણવા મળી રહ્યું છે. ફાયરબ્રિગેડનાં જવાનો અને પોલીસ ટીમ દ્વારા મોડી રાત સુધી બચાવ કામગીરી ચલાવાઈ હતી. આજેપણ આ કામગીરી જારી રહી હતી. છેલ્લાં સમાચાર મળ્યાં ત્યાં સુધી મોતનો આંકડો વધીને ૧૦ ઉપર પહોંચ્યો હતો. જોકે હવે મોતનો આંકડો વધવાની દહેશતની શક્યતા અધિકારીઓ નકારી રહ્યાં છે પરંતુ બિનસત્તાવાર અહેવાલમાં જણાવાયું છે કે, મોતનો આંકડો વધી શકે છે. બીજીબાજુ ઈન્ડિયન પીનલ કોડની જુદી જુદી કલમો હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો છે જેમાં કલમ ૩૦૯, ૩૦૪, ૩૩૭ અને ૩૩૮નો સમાવેશ થાય છે. પત્રકારો સાથે વાતચીત કરતાં પુણે મ્યુનિસિપલ કોર્પોરેશનનાં અધિકારીઓએ કહ્યું છે કે, મામલામાં ઉંડી તપાસ ચાલી રહી છે. રાજકીય કાવત્રાનો આક્ષેપ થઈ રહ્યો છે. મૃત્યુ પામેલાં તમામ મજૂરોની ઓળખ કરી લેવામાં આવી છે.

## સમાચાર ઝલક

- યોગગુરૂ બાબા રામદેવની ૬૪ કંપનીઓ સામે હવાલાની કાર્યવાહી હાથ ધરી.
- ડીઝલના ભાવવધારો થતાં શાકભાજીના ભાવ આસમાને.
- આજે પૂજ્ય મોરારિબાપુનો ૬૭મો જન્મદિન.
- રાજ્યભરમાં નર્સિંગ સ્ટાફનું આંદોલન શરૂ.
- દેશના જીડીપી અંદાજે ઘટાડી ૫.૫ ટકા કરાયો.
- ખાપ પંચાયતની કહાની, હરિયાણામાં યુવતીઓને પાન ખાધું, પંચાયળે વાળ કાપી નાખ્યા.
- નરોડા ખાતે વિદ્યાર્થીનીઓની છેડછાડ કરનાર શિક્ષકો ઝડપ્યો.
- અમદાવાદ - વાઇરલ ફીવર અને મેલેરિયાના કેસોમાં વધારો, ઘેર ઘેર ખાટલાં,
- સની લિયોનની પોર્ન ઇમેજને કારણે મુંબઇમાં લોકો તેમને ફ્લેટ ભાડે આપતા નથી.
- ઇસરોની સુરક્ષા તોડીને ઘુસી ગયેલી અમદાવાદની મહિલા.
- સાડા ત્રણ વર્ષના મેડિકલ અભ્યાસક્રમને એચ.સી.આઇ.એ લીલીઝંડી આપી.
- પતિને જેલમાંથી છોડાવવા માટે મહિલાએ પુત્રને વેંચી નાખ્યો, ઓરિસ્સાનો ચોંકાવનારો કિસ્સો.
- રાજ્યમાં એસ.ટી. કર્મચારીઓનાં વારસદારોનાં કેસમાં ૩૦૦૦ ને નોકરી મળશે.
- મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીની સ્વરપેટીમાં ખરાબી, વિવેકાનંદ યાત્રાનાં પ્રવચનો ટૂંકાવ્યાં.
- ૧ કરોડના ખર્ચે કૃત્રિમ હૃદય બેસાડી શકાશે.
- ગુજરાતનું પાણી આખો દેશ પીશે, કોકાકોલાનો સૌથી મોટો વોટર પ્લાન્ટ ગુજરાત રાજ્યમાં.
- રૂા. ૫૦,૦૦૦ સુધીનું વીમા પ્રીમીયમ અલગ રીતે ખાસ કરમુક્ત બનશે.
- ગૃહિણીઓ આનંદો... ચણાદાળ, મગદાળ, અડદદાળ થઇ સસ્તી.

## આરૂષિ હત્યાનાં કેસમાં મુખ્ય સાક્ષીનું થયેલું મોત

ગાઝિયાબાદ, તા. ૨૫

સનસનાટીપૂર્ણ આરૂષિ હત્યા કેસમાં મુખ્ય સાક્ષી જગબીરસિંહ મલિકનું ગાઝિયાબાદમાં ટ્રકની ટક્કરથી મોત થયું છે. મુખ્ય સાક્ષીનું મોત થતાં કેસની પ્રગતિમાં અડચણ પડે તેવી શક્યતા દેખાઈ રહી છે. મુખ્ય સાક્ષી પોલીસ જવાનનું અકસ્માતમાં મોત થયું છે. આ અંગેની માહિતી ખૂબ મોડેથ જારી કરાઈ છે.

આ બનાવ ૨૦ સપ્ટેમ્બરે બન્યો હતો જેમાં અન્ય બે પોલીસ જવાનનાં પણ મોત થયા હતાં. જગબીરસિંહ મલિક કેસમાં પ્રથમ તપાસ અધિકારી હતાં. તેઓએ પ્રથમ એસએચઓને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા બાદ કેસની જવાબદારી સંભાળી હતી. સીબીઆઈએ ત્યારબાદ આ મામલામાં તપાસ પોતાનાં હાથમાં લઈ લીધી હતી. સ્થાનિક અને પોલીસ વચ્ચે હિંસક અથડામણમાં છ લોકોનાં મોત થયા બાદ આ બનાવ બન્યો હતો. દરમિયાન આરૂષિની માતા નુપુર તલવાર હાલ છેલ્લાં પાંચ મહિનાથી કસ્ટડીમાં છે. ૧૬ મે ૨૦૦૮નાં દિવસે તેનાં માતા-પિતાનાં નોઈડા નિવાસસ્થાને ૧૪ વર્ષીય આરૂષિ મૃત હાલતમાં મળી આવી હતી. હેમરાજનો મૃતદેહ પણ આગલા દિવસે મકાનની છત ઉપરથી મળી આવ્યો હતો. આરૂષિની હત્યા તથા નોકરની હત્યામાં આરૂષિનાં માતા-પિતાનો હાથ હોવાનો આક્ષેપ થયો હતો. ભારે હોબાળો થયા બાદ આ મામલાની તપાસ સીબીઆઈને સોંપી દેવામાં આવી હતી.

### નવાં કલેવર (પાના નં. ૪ નું ચાલુ)

જયારે સુમિતે તેની વિરૂધ્ધના વિચારોને ખુબ જ સરસ રીતે પ્રસ્તુત કર્યો. તેમ છતાં તેની રજૂઆત એવી રહી કે સ્નેહીએ રજૂ કરેલાં ઉદાહરણોને તેએ નકાર્યા નહીં કે રાષ્ટ્રપ્રેમની વાતને હાનિ પહોંચવા દીધી નથી. એ રીતે ખુબ સરસ રજૂઆત કરી. તેમ છતાં અંગ્રેજીની તુલનામાં ગુજરાતી કે હિન્દી જેવી પ્રાદેશિક ભાષા સરળ, સુગમ અને સુગમ્ય હોવાને કારણે સામાજિક ભાષાની સાથે રાજભાષા કે રાષ્ટ્ર ભાષા તરીકે ખુબ જ યોગ્ય છે. તેથી સુમિતને દ્વિતીય પુરસ્કાર માટે પસંદ કરવામાં આવ્યો છે.'

આ તરફ સુમિત, સ્નેહાની ભીની આંખો જોઈ ભાવવિભોર થઇ ગયો. બંને ખુશ થતાં મંચ પર ગયા અને વિશિષ્ટ મહાનુભાવોના હસ્તે પોતપોતાના પુરસ્કારો સ્વીકાર્યા. બંનેને મંચ પરના મહાનુભાવોએ અભિનંદનની સાથે સાથે ઉજ્જવળ ભાવિ માટે શુભાશિષ આપ્યા.

આ રીતે એક સ્પર્ધામાં ખેલદીલીપૂર્વક સ્નેહા અને સુમિતની મિત્રતાને વધુ ગાઢ બનાવી. હવે કોઈ ઉચ્ચ કે નિમ્નતાની ભાવના તેમની વચ્ચે ન હતી. બંને હવે શ્રેષ્ઠ વિદ્યાર્થી અને શ્રેષ્ઠ મિત્રો હતા.

- vanvihari@gmail.com